**મકાઈની વૈજ્ઞાનિક ખેતી કરવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?**

જવાબ: મકાઈની સુધારેલી જાતો જેવીકે ગંગા સફેદ-૨, ફાર્મ સમેરી, ગંગા-૫, વિજય, વિક્રમ, જવાહર, મોતી, આફ્રીકન ટોલ, ગુજરાત મકાઈ-૧, ગુજરાત મકાઈ-૨, ગુજરાત મકાઈ-૩ અને ગુજરાત મકાઈ-૪ પસંદ કરવી.

વધુ ઠંડી (ડીસેમ્બર-જાન્યુઆરી) સિવાયના દિવસોમાં મકાઈ ગમે ત્યારે વાવી શકાય છે. વિઘા દીઠ ૧૦ કિ.ગ્રા. દર રાખી બે હાર ૧ ફુટનું અંતર જાળવી વાવણી કરવી જોઈએ.

જમીન તૈયાર કરતી વખતે વિઘા દીઠ ૧ થી ૧.૫ ટન છાણીયું ખાતર આપવું. વાવણી વખતે વિઘે ૧૦ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૨૦ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ પાયાના ખાતર તરીકે તેમજ ૧૪ કિ.ગ્રા. યુરીયા વાવણી બાદ ૩૦ દિવસે પૂર્તિ ખાતર તરીકે આપવું જોઈએ.

નીંદણ નિયંત્રણ માટે વાવણી પછી ૩૦-૩૫ દિવસે હાથ નિંદામણ અને આંતરખેડ કરવા જોઈએ. રાસાયણીક નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ પરંતુ પાક અને નીંદણ ઉગ્યા પહેલાં ભેજવાળી જમીનમાં ૧૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ એટ્રાઝીન દવા ઓગાળી છંટકાવ કરવો.જરૂરિયાત મુજબ ૧૦-૧૨ દિવસના અંતરે પિયત આપવું.

ચમરી આવ્યેથી દુધિયા દાણાં અવસ્થાએ કાપણી કરવી. સામાન્ય રીતે ૬૦-૭૦ દિવસે પાક કાપણી માટે તૈયાર થાય છે. વિઘાદીઠ ૬૦-૮૦ કિવન્ટલ લીલા ચારાનું ઉત્પાદન મળે છે. આફ્રીકન ટોલ જાતનું ઉત્પાદન વધુ (૯૦-૧૨૦ કિવન્ટલ) મળે છે.